**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા** (જાન્યુઆરી, ૨૦૦૫)

**સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦** **પૂર્વ કસોટી : સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ - પ્રશ્નપત્ર-૧** **કુલ ગુણ : ૧૦૦**

**('વચનામૃત'ના આધારે)**

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નોના ગુણાંક દર્શાવે છે.**

**પ્રશ્ન.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૧)

૧. પંચ ઇન્દ્રિયોના આહાર છે તેને અતિશય શુદ્ધપણે કરીને રાખજ્યો.
૨. એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહેજે જ હેત થાય છે.
૩. પંચાળા : ૭ પ્રમાણે સાધુના વચનમાં વિશ્વાસ અને નિષ્કપટભાવનું ફળ.
૪. ગ. પ્ર. ૬૮ પ્રમાણે નાસ્તિકનો મત.
૫. આ દેહને પોતાનું સ્વરૂપ માનવું નહીં અને દેહના સંબંધીને પોતાના સંબંધી માનવા નહિ.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. ભગવાન જીવના કલ્યાણને .................................................................. દેખ્યામાં આવે નહિ.
૨. પંચ ઇન્દ્રિયો દ્વારે .................................................................. સ્મૃતિ રહેશે.
૩. ભગવાનનું સ્વરૂપ .................................................................. કોઈ કાળે ટળવાના નહિ.
૪. એવી નિષ્ઠાવાળો .......................................................... ઉદ્ધાર થાય છે.
૫. તેમ ભગવાનને વિષે જે .................................................................. અતિશય નિર્દોષ થઈ જાય છે.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

૧. ભગવાનની સ્મૃતિ    ૨. વૈરાગ્ય

**('સ્વામીની વાતો'ને આધારે)**

**પ્રશ્ન.૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** (ગુણ ૫)

૧. મહારાજે એકાદશીનો મહોત્સવ ક્યાં કર્યો હતો ?
૨. ગારુડીની આગળ કોણ કોણ ડોલે છે ?
૩. આજ્ઞાથી થતી પ્રવૃત્તિમાં મહારાજે કોને ઉત્તમ ગણ્યા ?
૪. તેજ શેનાથી દસ ગણું છે ?
૫. શા માટે ગોરધનભાઈ ને પર્વતભાઈ મહારાજના ખરેખરા સત્સંગી હતા ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો.** (ગુણ ૫)

૧. મહારાજે પોતે કહ્યું છે જે મારો રાજીપો થાય તેને ........................ આપું છું. (આશીર્વાદ, રૂડા ગુણ, બુદ્ધિયોગ, મૂર્તિનું સુખ)
૨. ગુણાતીતાનંદ સ્વામીએ ચંપાનું ત્રીજું ફૂલ લઈને ........................... ને આપ્યું.
(અખંડાનંદ બ્રહ્મચારી, રઘુવીરજી મહારાજ, અચિંત્યાનંદ બ્રહ્મચારી)
૩. જેને આ સાધુની ઓળખાણ થઈ છે તેને તો ........................... અક્ષરધામમાં છે. (એક પગલું, બધાં પગલાં, બેય પગલાં)
૪. સર્વોપરીપણા માટે સ્વામીએ ........................... વચનામૃત વંચાવ્યું. (ગ. અં. ૭, ગ. પ્ર. ૩૮, ગ. મ. ૯)
૫. ........................... અનંત કલ્પ સુધી દુઃખ ભોગવશે. (દ્રોહી, નિરાકારવાદી, વિમુખ)

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૦)

૧. સુખ - શાંતિનો ઉપાય
૨. પુરુષોત્તમનો મહિમા
૩. ગુણાતીતાનંદ સ્વામીએ પ્રસંગોપાત્ત શિવલાલ શેઠને આપેલો ઉપદેશ
૪. મનુષ્ય તો લીંમડી કે નીચે દેખ્યા હે.

**('ભગતજી મહારાજ'ને આધારે)**

**પ્રશ્ન.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. શિષ્યો ઉપર ભગતજીનો પ્રભાવ
૨. ગઢડા જળઝીલણીના સમૈયે ભગતજીની જ્ઞાનવાર્તા
૩. સંતોને વિઘ્નો વચ્ચે ભગતજીનું આકર્ષણ
૪. જૂનાગઢમાં પ્રાગજી ભક્ત અને જાગા સ્વામીની જ્ઞાનગોષ્ઠિ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. બાળચરિત્રો દ્વારા ઉપસતી ભગતજીની પ્રતિભા
૨. સાધુનો કસબ એટલે શું ?
૩. ભગતજી મહારાજના પત્રો
૪. મોક્ષની કૂંચીના વારસદાર

---

**નોંધ : (૧) ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૬ માર્ચ, ૨૦૦૫ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.**

(૨) મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલ પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યા વગર વર્ગસુપરવાઇઝર પાસેથી પોતાની જ વિગત દર્શાવતું સ્ટીકર પ્રાપ્ત કરીને પોતાની જ જવાબવહીના મુખ્ય પૃષ્ઠ ઉપર દર્શાવેલ જગ્યામાં ચોંટાડીને વર્ગસુપરવાઇઝરની સહી જવાબવહી ઉપર કરાવી લે. **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

(૩) પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા કાળી શ્યાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શ્યાહીથી લખેલ ઉત્તરો માન્ય ગણાશે નહીં.

(૪) દરેક મુખ્ય પ્રશ્નના જવાબનું લખાણ નવા પાનેથી જ શરૂ કરવું.

(૫) અભ્યાસક્રમના પુસ્તકોને જ આધારરૂપ ગણીને લખેલ જવાબ માન્ય ગણાશે.